ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# પંચમહાલ-દાહોદ



## સંક્ષિપ્ત સમાચાર

### કાલોલમાં સ્વામિનારાયણ મંદિરના પંચ દશાબ્દી મહોત્સવ નિમિત્તે કથાનો પ્રારંભ



કાલોલ : ધર્મ કુળ અને વલ્લભ કુળ નુ મીલન કાલોલ શહેરમાં વડતાલ સ્વામિનારાયણ સંપ્રદાયના સર્વાવતારી ઉપાસ્ય ઈષ્ટદેવ ભગવાન સ્વામિનારાયણની કૃપાથી વડતાલના શ્રી લક્ષ્મીનારાયણદેવ પીઠાધિપતિ આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજ તથા ભાવિ આચાર્ય નૃગેન્દ્રપ્રસાદજી મહારાજના શુભ આશીર્વાદથી તેમજ લાલજી શ્રી પુષ્પેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની શુભપ્રેરણાથી રંગાયેલા કાલોલ કાછિયાવાડ સ્થીત મંદિરમાં બિરાજમાન સંકલ્પસિદ્ધ શ્રી ઘનશ્યામ મહારાજનો ૧૫મો વાર્ષિક પાટોત્સવ તથા શ્રી લાલજી ભગવાનનો ૩ જો વાર્ષિક પાટોત્સવ નિમિત્તે ભવ્ય પંચદશાબ્દી મહોત્સવ આયોજન કરવામાં આવ્યું છે. જેમાં શ્રી ધર્મકુળ આશ્રિત સત્સંગ સમાજ તેમજ શ્રી લક્ષ્મીનારાયણદેવ યુવક મંડળ કાલોલ દ્વારા આયોજીત આ મહોત્સવ પ્રસંગે પંચદિનાત્મક વૈરાગ્ય મૂર્તિ સ.ગુ શ્રી નિષ્કુળાનંદ સ્વામી વિરચીત "શ્રી પુરુષોત્તમ પ્રકાશ" કથા પારાયણનું દિવ્ય આયોજન સ્વામી નારાયણ ધામ વિજય ટૉકીઝ પાસે જતન એન્જિનિયરિંગ ના કમ્પાઉન્ડમાં કરવામાં આવ્યું છે.

### લીમખેડાની હસ્તેશ્વર સ્કૂલમાં સાયબર ક્રાઈમ અંગે જાગૃતિ માટે કાર્યક્રમ યોજાયો




લીમખેડા : ગુજરાત સરકાર ના કે જી સી દ્વારા ચાલતા કવચ પ્રકલ્પ અંતર્ગત આર્ટ્સ કોલેજ લીમખેડા ના સાયબર સેલ વિભાગ દ્વારા શ્રી હસ્તેશ્વર સ્કૂલ ના બાળકોને સાયબર ક્રાઈમ ની જાગૃતિ માટે અને સાયબર ક્રાઈમ ના ભોગ ન બને તે માટે અવેરનેસ કાર્યક્રમ યોજાયો હતો જેમાં સંસ્થાના મંત્રી ભરતભાઈ ભરવાડ આર્ટસ કોલેજ લીમખેડા ના આચાર્ય અશ્વિનભાઈ પટેલ પ્રો જે યુ નાયક પ્રો સુજીત ઉપાધ્યાય સહિત મોટી સંખ્યા માં વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા કાર્યક્રમ માં સંસ્થાના મંત્રી ભરતભાઈ દ્વાર બાળકોને સાયબર ગુનાઓથી કેવી રીતે બચી શકાય અને તેના માટે ના સાવચેતીના પગલાઓ વિશેની માહિતી આપી હતી.

### સુખસર તાલુકાની ઉત્તર બૂનિયાદી આશ્રમ શાળા ખાતે એઇડસ જાગૃતિ કાર્યક્રમ યોજાયો



સુખસર : સુખસર તાલુકામાં ટીબી મુક્ત ભારત અભિયાન અંતર્ગત સ્વામિનારાયણ ઉત્તર બૂનિયાદી આશ્રમ શાળા, આફવા ખાતે વિદ્યાર્થીઓમાં આરોગ્ય વિષયક જાગૃતિ વધારવાના હેતુસર તાલુકા આરોગ્ય કચેરી દ્વારા ટી.બી. વિષયક IEC કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન ટી.બી.ના લક્ષણો, સમયસર સારવાર લેવાની આવશ્યકતા, નિયમિત દવા લેવાના ફાયદા તેમજ રોગથી બચાવના ઉપાયો અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. ઉપરાંત ICTC કાઉન્સેલર દ્વારા HIV/AIDS વિષયક મહત્વપૂર્ણ અને ઉપયોગી માર્ગદર્શન પણ વિદ્યાર્થીઓને આપવામાં આવ્યું હતું કાર્યક્રમમાં PHC આફવાના મેડિકલ ઓફિસર ડૉ. હેમાનીબેન, STS નટવરભાઈ પારગી, STLS હિતેન્દ્રભાઈ, પિરામલ ફાઉન્ડેશન તરફથી કોમ્યુનિટી કોઓર્ડિનેટર ફરહાજ ખાન તેમજ ICTC કાઉન્સેલર નયનાબેન ઉપસ્થિત રહ્યા હતા.

### દાહોદની નવજીવન સાયન્સ કોલેજમાં "બાયો-કેમિકો સાયન્સ" વિષય પર સેમિનાર યોજાયો



સુખસર : દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી દ્વારા સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ ખાતે આજે તા. ૫મી ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ વિજ્ઞાન ક્ષેત્રે થઈ રહેલા અવનવા સંશોધનોને ઉજાગર કરતા વિષય "Emerging Trends in Bio-Chemico Science (NSBCS-2026)" પર એક દિવસીય રાષ્ટ્રીય સેમિનારનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. આ રાષ્ટ્રીય સેમિનાર ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ અંતર્ગત KCG (Knowledge Consortium of Gujarat) અને PM-USHA (Pradhan Mantri Uchchatar Shiksha Abhiyan) ના આર્થિક સહયોગથી યોજવામાં આવ્યો હતો. સેમિનારનો મુખ્ય ઉદ્દેશ્ય રસાયણશાસ્ત્ર અને જીવવિજ્ઞાનના આધુનિક પ્રવાહો વિશે વિદ્યાર્થીઓ અને યુવા સંશોધકોને માહિતગાર કરવાનો અને તેમને સંશોધન પ્રત્યે પ્રોત્સાહિત કરવાનો હતો. કાર્યક્રમની શરૂઆત સવારે ૯:૩૦ કલાકે દીપ પ્રાગટ્ય અને પ્રાર્થનાથી થઈ હતી. ત્યારબાદ ઉદ્ઘાટન સમારોહ યોજાયો હતો.

**ગુરુ-શિષ્યના સંબંધોને લાંછન લગાવતો અણબનાવ બન્યો**

## શહેરામાં શિક્ષિકાને થપ્પડ મારનાર વિદ્યાર્થી અને પિતાની સાન ઠેકાણે લવાઈ

વિદ્યાર્થીએ શિક્ષિકાને "શહેરામાં એકલું રહેવાનું છે, જોઈ લઈશું" તેવી ધમકી આપી હતી



(પ્રતિનિધિ) ગોધરા, તા.6
પંચમહાલ જિલ્લાના શહેરા સ્થિત શ્રીમતી એસ.જે. દવે હાઈસ્કૂલમાં ગુરુ-શિષ્યના પવિત્ર સંબંધને લાંછન લગાવતી આઘાતજનક ઘટના સામે આવી છે. ગત 24 જાન્યુઆરીના રોજ ધોરણ-12ની દ્વિતીય કસોટી દરમિયાન એક વિદ્યાર્થી મોડો આવતા શિક્ષિકાએ તેને મોડા આવવાનું કારણ પૂછ્યું હતું. આ સામાન્ય પૂછપરછથી ઉશ્કેરાઈ જઈ વિદ્યાર્થીએ "મારા ઘરે કોઈ મને પૂછતું નથી તો તું પૂછવાવાળી કોણ?" તેમ કહીને શિક્ષિકાને ગાલ પર જોરદાર થપ્પડ મારી દીધી હતી. આ બનાવ બાદ શરૂઆતમાં વિદ્યાર્થીના પિતાએ શાળાએ આવીને માફી માંગી હતી, પરંતુ 27 જાન્યુઆરીએ પિતા અન્ય 15થી 20 શખ્સોના ટોળા સાથે શાળામાં ધસી આવ્યા હતા અને શિક્ષિકાને "શહેરામાં એકલું રહેવાનું છે, જોઈ લઈશું" તેવી ધમકી આપી હતી. આ ઘટનાના સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા છે.

અંતે શિક્ષિકાએ હિંમત દાખવી પોલીસ ફરિયાદ નોંધાવતા, શહેરા પોલીસે આરોપીઓની અટકાયત કરી હતી અને ઘટનાસ્થળે જાહેરમાં રી-કન્સ્ટ્રક્શન કરાવીને કાયદાનું ભાન કરાવ્યું હતું.

સમગ્ર બનાવથી શિક્ષણ જગતમાં ભયનો માહોલ પ્રવર્ત રહ્યો છે જેમાં એક વિદ્યાર્થીએ શિક્ષકને લાફો ઝીંકી દેતા માન-સન્માન અને મર્યાદાનુ ઉલ્લંઘન થયુ છે જે આ કળયુગનો હળહળતો દાખલો છે.

**એ.પી.એમ.સી ખાસ ઉપસ્થિત રહ્યા**

## સંજેલી તાલુકાની ત્રણ નવી આંગણવાડી કેન્દ્રનુ લોકાર્પણ કરાયું




(પ્રતિનિધિ) દાહોદ, તા.6
પ્રધાનમંત્રી આદિ આદર્શ ગ્રામ યોજના અંતર્ગત તૈયાર થયેલી સંજેલીના તાલુકાની લુંજાના મુવાડા,ચંદાનામુવાડા અને પાવડાના મુવાડા એમ ૩ નવીન આંગણવાડીના કેન્દ્રનું સંજેલી તાલુકાના એ.પી.એમ.સી ના ચેરમેન જશુભાઇ અને સરપંચના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સરપંચ સહિત મહિલા અને બાળ વિકાસ યોજના અધિકારી અને આઇ.સી.ડી.એસ. સ્ટાફ ઉપસ્થિતિ રહ્યા હતા. આ પ્રસંગે ચેરમેન શ્રીએ કહ્યું હતું કે, આંગણવાડી મકાનનું નિર્માણ પ્રધાનમંત્રી આદિઆદર્શ ગ્રામ યોજના અંતર્ગત મંજૂર કરવામાં આવ્યું છે, જેનાથી બાળકોને ઉત્તમ શૈક્ષણિક તેમજ પોષણ સેવાઓ મળી રેહશે. નવા મકાનથી ગામના નાનકડા ભુલકાઓને વધુ સારી અને સુવિધાસભર મળશે. નવ નિર્મિત મકાન બાળકોના વિકાસ માટે ઉપયોગી સાબિત થશે.

**રૂ.3.50 લાખના ચેક રિટર્ન કેસની સુનાવણી**


## ફરિયાદી લ્હેણું સાબિત ન કરી શકતા હાલોલ કોર્ટે આરોપીને નિર્દોષ જાહેર કર્યો

(પ્રતિનિધિ) કાલોલ, તા.6
રૂ.3.50 લાખના ચેક રિટર્ન કેસમાં ફરિયાદી પોતાનું કાયદેસર લ્હેણું સાબિત કરવામાં નિષ્ફળ જતા હાલોલના એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ શ્રી જે.કે. ક્રિશ્ચિયન દ્વારા આરોપીને નિર્દોષ જાહેર કરી છોડી મૂકવાનો મહત્વપૂર્ણ ચુકાદો આપવામાં આવ્યો છે. પ્રાપ્ત વિગતો મુજબ, હાલોલના ફુલાભાઈ પાર્ક નજીક કૃષ્ણનગર વિસ્તારમાં રહેતા નિલેશભાઈ લાલાભાઈ ઉર્ફે લાલાભાઈ ગઢવીએ પાવાગઢ રોડ મોઘાવાડા ખાતે રહેતા સલમાન મુસ્તુફાભાઈ બાગવાલા સામે રૂ.3,50,000/- ની રકમ ટુકડે-ટુકડે ઉછીની આપ્યા બાદ ચેક બાઉન્સ થવા અંગે ફરિયાદ દાખલ કરી હતી. ફરિયાદીનો દાવો હતો કે એપ્રિલ 2022 થી નવેમ્બર 2022 દરમિયાન મિત્રતાના આધારે આરોપીને મોબાઈલ દુકાન માટે રૂ.3.50 લાખ આપ્યા હતા, જે પરત આપવા આરોપીએ તા.04/02/2023 નો ચેક આપ્યો હતો. જો કે, ચેક "Drawer Signature Differ" ના કારણે રિટર્ન થયો હતો. કેસ દરમિયાન ફરિયાદ પક્ષ એ સાબિત કરી શક્યું નહોતું કે ચેક ઈશ્યૂ થયાની તારીખે આરોપી ઉપર કાયદેસરની લ્હેણી રકમ બાકી હતી. આરોપી તરફે એડવોકેટ એ.એસ. દીવાન તથા જે.બી. જોશી દ્વારા દલીલો કરવામાં આવી હતી. ફરિયાદીની ઉલટ તપાસમાં ખુલ્યું હતું કે, ફરિયાદીએ આરોપીના પત્ની કે બાળકોના નામ જાણતા નથી, ઈનકમ ટેક્સ રિટર્નમાં આ વ્યવહાર દર્શાવેલ નથી, કઈ તારીખે કેટલી રકમ અપાઈ તેની કોઈ ડાયરી કે દસ્તાવેજ રજૂ કરેલ નથી. વધુમાં, વર્ષ 2022 દરમિયાન આરોપીએ ફરિયાદીને ગૂગલ પે મારફતે રૂ.38,000 ચૂકવ્યા હોવાનું પણ સ્વીકારાયું હતું, જે અંગે ફરિયાદીનો ખુલાસો કોર્ટ દ્વારા માન્ય રાખવામાં આવ્યો નહોતો.

આ તમામ પરિસ્થિતિઓને ધ્યાને લઈ, હાલોલ કોર્ટ દ્વારા આરોપી સલમાન મુસ્તુફાભાઈ બાગવાલાને નિર્દોષ જાહેર કરી છોડી મૂકવાનો આદેશ આપવામાં આવ્યો છે.

## કોર્ટ સંકુલમાંથી અપહરણ પડ્યું મોંઘું, સંજેલી કોર્ટે ત્રણ આરોપીઓને ૩ વર્ષની સખત કેદ ફટકારી

સંજેલી કોર્ટ સંકુલમાંથી મહિલા પોલીસ કોન્સ્ટેબલનું અપહરણ કરવાના ચકચારી બનાવમાં કોર્ટે કડક વલણ અપનાવ્યું



(પ્રતિનિધિ) દાહોદ, તા.6
સંજેલી કોર્ટ સંકુલમાંથી મહિલા પોલીસ કોન્સ્ટેબલનું અપહરણ કરવાના ચકચારી બનાવમાં કોર્ટે કડક વલણ અપનાવી પિતા, ભાઈ અને પતિ સહિત ત્રણેય આરોપીઓને 3 વર્ષની સખત કેદની સજા ફટકારી છે. સાથે સાથે કોર્ટે દરેક આરોપીને 1,000 નો દંડ પણ ફટકાર્યો છે. આ ચુકાદાથી કોર્ટ પરિસરમાં કાયદો અને વ્યવસ્થા ભંગ કરનારાઓને સ્પષ્ટ સંદેશો મળ્યો છે. પ્રાપ્ત માહિતી મુજબ, ડોમેસ્ટિક વાયોલેન્સના કેસની સુનાવણી દરમિયાન સમાધાનના બહાને મહિલા પોલીસ કોન્સ્ટેબલને બોલાવવામાં આવી હતી. ત્યારબાદ તેને બળજબરીપૂર્વક ગાડીમાં બેસાડી સાસરી લઈ જવામાં આવી હતી, જ્યાં તેના પર મારપીટ કરવામાં આવી હતી. આ ઘટનાએ કોર્ટ પરિસરની સુરક્ષા તેમજ મહિલાઓની સલામતી અંગે ગંભીર પ્રશ્નો ઊભા કર્યા હતા.

આ કેસમાં સરકારી વકીલ એબી તડવી દ્વારા મજબૂત પુરાવા અને અસરકારક દલીલો રજૂ કરવામાં આવી હતી. કોર્ટે તમામ સાક્ષીઓ અને પુરાવાની વિસ્તૃત તપાસ બાદ આરોપીઓને દોષિત ઠેરવ્યા હતા. તારીખ 5ના રોજ કોર્ટે ભારતીય દંડ સંહિતાની કલમ 365, 323 અને 114 હેઠળ ત્રણેય આરોપીઓને 3 વર્ષની સખત કેદ અને દંડની સજા સંભળાવી હતી.

આ ચુકાદો મહિલાઓ સામેના ગુનાઓ અને કોર્ટ પરિસરમાં થયેલી ગેરકાયદેસર હરકતો સામે કડક કાર્યવાહીનું મહત્વપૂર્ણ ઉદાહરણ બની રહ્યો છે.

## આમોદમાં છેલ્લા 24 કલાકમાં રખડતા શ્વાનોએ 4 બાળકોને બચકા ભરી લોહીલુહાણ કર્યા

**રખડતા** કુતરા પકડવા માટેની કાર્યવાહી હાથ ધરવા તંત્રને તાકીદ કરવામાં આવી



(પ્રતિનિધિ) ભરૂચ, તા.6
આમોદ નગરમાં રખડતા કુતરાઓએ વિસ્તારમાં રમતા બાળકો ઉપર હુમલો કરી લોહીલુહાણ કરતા માતાપિતા પોતાના બાળકોની સુરક્ષાને લઈને ભયભીત બન્યા હતા.જે બાબતે વિસ્તારના રહીશોએ આમોદ પાલિકાના મુખ્ય અધિકારીને મળી રોષ ઠાલવ્યો હતો અને વહેલી તકે રખડતા કૂતરાઓ પકડવા માટે માંગ કરી હતી.આમોદ નગરના અલગ અલગ વિસ્તારમાં રખડતાં કૂતરાઓએ વિસ્તારમાં રમતા બાળકોને બચકા ભરી લોહીલુહાણ કર્યા હતા. જેથી બાળકોને આમોદ સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે લઈ જઈ સારવાર આપવામાં આવી હતી.ત્યાર બાદ બે બાળકોને વધુ ઈજાઓ થવાથી ભરૂચ સિવિલ હોસ્પિટલ ખાતે વધુ સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.રખડતા કુતરા કરડવાની ઘટનાએ લઈ સમગ્ર વિસ્તારમાં ભયનો માહોલ ફેલાઈ જવા પામ્યો હતો.

સ્થાનિક રહીશોએ રખડતા કુતરાઓના વધતા જતા ત્રાસ સામે ગંભીર ચિંતા વ્યક્ત કરી તાત્કાલિક આમોદ નગરપાલિકાના મુખ્ય અધિકારી પંકજ નાયક સામે સમક્ષ રજૂઆત કરી હતી.અને વહેલી તકે રખડતા કૂતરાઓ પકડવા માટે માંગ કરી હતી.આ બાબતે નગરપાલિકાના સેનેટરી ઈન્સ્પેકટર હિતેશ અસારીએ જણાવ્યું હતું કે લોકોની રજૂઆત મળી છે.જેથી તાત્કાલિક રખડતા કુતરા પકડવા માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## દાહોદમાં અપહરણનું નાટક: ભાઈ પાસેથી 5 લાખ પડાવવા યુવકે પોતે જ રચ્યું કાવતરું

**પાંચ** લાખ માટે ભાઈને ભુલાવ્યો, પોલીસને દોડાવી!

(પ્રતિનિધિ) દાહોદ, તા.5
દાહોદના છાપરી વિસ્તારમાં 3 ફેબ્રુઆરીની રાત્રે નોંધાયેલી સનસનાટીભરી અપહરણની ઘટનામાં પોલીસે ચોંકાવનારો પર્દાફાશ કર્યો છે. શરૂઆતમાં પાંચ વર્ષ જૂના માઉઝર હથિયાર કેસની અદાવતને કારણે અપહરણ થયાનું માનવામાં આવતું હતું, પરંતુ તલસ્પર્શી તપાસમાં ખુલ્યું કે સમગ્ર નાટક 26 વર્ષીય યુવકે પોતાના જ ભાઈ પાસેથી રૂપિયા પાંચ લાખ પડાવવા માટે રચ્યું હતું.પ્રાપ્ત માહિતી મુજબ ગરબાડાના ઝરી બુઝર્ગનો વતની અને હાલ ખરોડ ખાતે રહેતો રાહુલ નેવજીભાઈ સંગોડ 3 ફેબ્રુઆરીની રાત્રે ક્રિકેટ રમી પરત ફરી રહ્યો હતો. તે સમયે છાપરી રોડ પર સાઈ પેટ્રોલ પંપ પાસે સફેદ બોલેરો ગાડીમાં આવેલા શખ્સોએ તેનું અપહરણ કર્યું હોવાનું દર્શાવી તેના ભાઈ તથા વકીલ વિજયકુમાર સંગોડ દ્વારા દાહોદ બી-ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવવામાં આવી હતી.

ફરિયાદમાં જણાવાયું હતું કે, પાંચ વર્ષ પૂર્વેના માઉઝર કેસમાં નામ આપવાના કારણે બબલુ નામના શખ્સે અદાવત રાખી અપહરણ કરાવ્યું છે અને અગાઉથી ધમકીભર્યા ફોન પણ આવ્યા હતા. પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરી રાહુલને મધ્યપ્રદેશના કઠીવાડાના એક વાડામાંથી હેમખેમ મુક્ત કરાવ્યો.પરંતુ બાદમાં પોલીસે જ્યારે રાહુલની કડક પૂછપરછ કરી ત્યારે સમગ્ર કાવતરાનો ભાંડો ફૂટ્યો. રાહુલે કબૂલાત કરી કે, પોતે જ ભાઈ પાસેથી પૈસા મેળવવા માટે ગુનેગારો સાથે મળીને અપહરણનું નાટક રચ્યું હતું અને અગાઉથી ધમકીભર્યા કોલ પણ પોતાની જ યોજના મુજબ કરાવ્યા હતા.

પોલીસે આ કેસમાં મુખ્ય આરોપી રાહુલ સંગોડ સહિત મધ્યપ્રદેશના અમિત બખતભાઈ બારીયા, કેશવભાઈ ધનસિંગ કનેસ અને બબલુ માલજીભાઈ ગણાવાની ધરપકડ કરી છે. ચારેયને દાહોદ કોર્ટમાં રજૂ કરતાં કોર્ટએ તેમને ન્યાયિક કસ્ટડીમાં મોકલવાનો આદેશ આપ્યો છે. કેસમાં સંડોવાયેલા અન્ય ફરાર આરોપીઓની શોધખોળ ચાલુ છે.

**કાલોલના વાછાવાડ ખેડા ફળીયામા સીસી રોડનુ તકલાદી કામ**

## રોડ બન્યાના માત્ર એક જ માસમાં તળિયુ દેખાતા ભ્રષ્ટાચાર નજરે ચડ્યો

(પ્રતિનિધિ) કાલોલ, તા.6
કાલોલના વાછાવાડ ખેડા ફળીયામા સીસી રોડ નુ તકલાદી કામ. એક જ મહિનામાં સીસી રોડ નુ તળીયું દેખાયુ. વાછાવાડના ખેડા ફળીયામાં સીસી રોડના કામમાં ભ્રષ્ટાચારની ગંધ, મહિનામાં જ રોડના થીગડા ઉખડ્યા કાલોલ તા ૦૬/૦૨/૨૬ કાલોલ તાલુકાના વાછાવાડ ગામના ખેડા ફળિયા વિસ્તારમાં વાવ ફળિયામાં અંદાજે ૪૦૦ ફુટ નો નવો સીસી રોડ તાજેતરમાં જ એક મહિના અગાઉ બનાવવામાં આવ્યો હતો.સરકાર દ્વારા ગામડાઓના વિકાસ માટે લાખો રૂપિયાની ગ્રાન્ટ ફાળવવામાં આવે છે, પરંતુ તંત્રની રહેમ નજર હેઠળ કોન્ટ્રાક્ટરો દ્વારા કરવામાં આવતા 'તકલાદી' કામોને કારણે પ્રજાના ટેક્સના પૈસાનું ધોવાણ થઈ રહ્યું હોય તેવું લાગી રહ્યું છે. આવો જ એક કિસ્સો ખેડાના વાછાવાડના ખેડા ફળીયામાં સામે આવ્યો છે.એક જ મહિનામાં રોડની હાલત બિસ્માર સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર, કાલોલ તાલુકાના વાછાવાડના ખેડા ફળીયામાં સીસી રોડનું કામ હજુ માંડ એક મહિનો પહેલા જ પૂર્ણ કરવામાં આવ્યું હતું.

લોકમુખે ચર્ચાઈ રહ્યું છે કે આ રોડ બનાવવામાં વાપરવામાં આવેલી સામગ્રી અત્યંત હલકી ગુણવત્તાની હતી. પરિણામે માત્ર ૩૦ દિવસના ટૂંકા ગાળામાં જ રોડનું ઉપરનું પડ ઉખડી ગયું છે.રોડ પર ઠેર-ઠેર કાંકરીઓ બહાર આવી ગઈ છે અને રોડનું તળીયું દેખાવા લાગ્યું છે. સ્થાનિકોને ચાલવામાં અને વાહન ચલાવવામાં અત્યારથી જ મુશ્કેલી પડી રહી છે. જેથી તંત્ર સામે રોષ ફેલાયો છે. નવો બનેલો રોડ આટલી ઝડપથી તૂટી જતાં ખાડા પડી જતા ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

**નાગરિકોને આવા કામની અપેક્ષા ન હતી**



"અમે વર્ષોથી સારા રોડની રાહ જોતા હતા, પણ આ તો રાત ગઈ ને વાત ગઈ જેવું થયું. એક મહિનામાં રોડ ખોખલો થઈ ગયો છે ખડિયાત બનાવવાને બદલે ખાલી ઢાળ આપ્યો છે." વાછાવાડના જાગૃત નાગરિકો હવે આ મામલે ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરવાની તૈયારી કરી રહ્યા છે. ગ્રામજનોની માંગ છે કે:આ રોડના કામની તટસ્થ તપાસ કરવામાં આવે.જવાબદાર કોન્ટ્રાક્ટરને બ્લેકલિસ્ટ કરવામાં આવે.રોડનું ફરીથી મજબૂત અને ટકાઉ કામ કરવામાં આવે તેવુ - સ્થાનિક રહીશ મહેશભાઈએ જણાવ્યુ હતુ.

## દેવગઢ બારિયા તાલુકાના વિવિધ ગામોમાં પ્રાકૃતિક કૃષિ તાલીમ યોજાઈ



(પ્રતિનિધિ) દાહોદ, તા.6
દાહોદ જિલ્લાના દેવગઢ બારિયા તાલુકામાં વિવિધ ગામોમાં ગ્રામ પંચાયત દીઠ ક્લસ્ટર બેઝ પ્રાકૃતિક કૃષિ વિષયક તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં કાસટિયા, કેળકુવા સહિત અન્ય ગામોમાં ખેડૂત માટે તાલીમ યોજવામાં આવી હતી. આ તાલીમમાં પ્રગતીશીલ ખેડૂતો દ્વારા દ્વારા ખેડૂતોને પ્રાકૃતિક ખેતીનું મહત્વ, લાભો તથા પદ્ધતિઓ વિશે માહિતી આપી હતી. રાસાયણિક ખેતીથી જમીન, આરોગ્ય અને પર્યાવરણને થતી નુકસાની અંગે સમજ આપી તેમજ પ્રાકૃતિક ખેતી દ્વારા ઓછા ખર્ચે વધુ ઉત્પાદન અને લાંબા ગાળે જમીનની ગુણવતા જાળવી શકાય તે બાબતે માર્ગદર્શન આપ્યું હતું. પ્રાકૃતિક ખાતર, જીવામૃત, ઘનજીવામૃત, બીજ સારવાર તથા જીવાત નિયંત્રણ માટેની કુદરતી પદ્ધતિઓ અંગે ખેડૂતો સાથે ચર્ચા કરવામાં આવી હતી.